




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ
સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-22 ■ તા. 24-05-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# કોરોના સંકટ: ચાર-ચાર લોકડાઉન છતાં કેસોમાં સતત વધારો

ન્યુ દિલ્હી,તા.૨૩

ભારતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના સંક્રમણને રોકવા એક પછી એક ચાર-ચાર લોકડાઉન લગાવવા છતાં કોરોના પોઝીટીવ કેસો ઓછા થવાને બદલે વધી રહ્યાં હોય તેમ છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન ૬,૬૫૪ કેસ નોંધાયા છે જે અત્યારસુધીમાં ૨૪ કલાકમાં નોંધાયેલા સૌથી વધારે કેસ છે. તેની સાથે વધુ ૧૩૭ લોકોના મોત પણ થયા છે. અને દેશમાં કોરોના સંક્રમિત કેસો સવા લાખ પર પહોંચી ગઇ છે.

ભારતમાં જાન્યુ.ના છેલ્લાં સપ્તાહમાં જ્યારે કોરોનાનો પહેલો કેસ નોંધાયો ત્યારે કોઇએ એવી કલ્પનામા પણ નહીં કરી હોય કે કેસની સંખ્યમાં ભારત ચીનથી આગળ નિકળી જશે. આ રોગનો વાઈરસ જે દેશે ફેલાવ્યો હોવાનું મનાય છે તે ચીનમાં ૮૦ હજાર કરતાં સહેજ વધારે જેટલા કેસો નોંધાયા હતા. જ્યારે ભારત હવે તેનાથી આગળ નિકળી જઇને સવા લાખ સુધી કેસો પહોંચી ગયા છે. જેમાં છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન જે ૬૬૫૪ કેસો આવ્યાં તે અત્યારસુધીમાં એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધારે છે.

કેન્દ્ર સરકારે ૨૫ માર્ચના રોજ લોકડાઉન-૧ લાગૂ કર્યો તે પછી તેને લંબાવતા લંબાવતા હવે ૩૧ મે સુધી લંબાવવામાં આવ્યું છે. પરંતુ પોઝીટીવ કેસો ઘટવાને બદલે વધી રહ્યાં હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. જે નવા ૬૬૫૪ કેસો એક જ દિવસમાં નોંધાયા તેમાં અડધોઅડધ કેસ મહારાષ્ટ્રના છે. તત્રબાદ તામિલનાડુ અને ત્રીજા નંબરે ગુજરાત આવે છે.

સૂત્રોએ કહ્યું કે કોરોના વાઈરસનો ચેપ વધતો અટકાવવા કેન્દ્ર સરકારે જનતા કર્ફ્યુ, લોકડાઉન, રાત્રિ કરફ્યુ, માત્ર દૂધ અને દવાની દૂકાનોને જ મંજૂરી અને એવા બધા કડક પગલા લીધા છતાં કેસ વધતા રહ્યાં અને ગણતરીના દિવસોમાં જ કેસો ઝડપથી ૧.૨૫ લાખ સુધી પહોંચી ગયા છે. જેમાં છેલ્લાં કેટલાક દિવસોમાં તો રોજે રોજ ૫ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે.

કોરોનાના કારણે દેશમાં ૪૨.૩ ટકા લોકોના મોત માત્ર મહારાષ્ટ્રમાં થયા છે. શનિવાર સવાર સુધી કોરોનાના ૨૯૪૦ નવા કેસ સામે આવ્યા હતા. શનિવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આ આંકડા પ્રમાણે ભારતમાં સંક્રમિતોની સંખ્યા સવા લાખને પાર પહોંચી છે. આ અઠવાડિયામાં બીજી વખત એવું થયું છે જ્યારે એક જ દિવસમાં ૬ હજારથી વધારે કેસ નોંધાયા હોય. છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૭ લોકોનાં મૃત્યુ થયાં છે, જે પછી ભારતમાં મહામારીથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ૩,૭૨૦ થઈ ગઈ છે. કોવિડ-૧૯થી સંક્રમિતોના સ્વસ્થ થવાનો દર ૪૧ ટકા જેટલો છે. અત્યાર સુધીમાં ૫૧,૭૮૩ લોકો સ્વસ્થ થયા છે.

તો બીજી બાજુ મુંબઈથી પ્રવાસી મજૂરોનો જવાનો સિલસિલો યથાવાત છે. પણ ટ્રેન રદ થવાના કારણે તેમને તકલીફ પડી રહી છે, જે પોતાનું બધું લઈને મકાન છોડીને સ્ટેશન પર આવી ગયા હતા. તેમનું કહેવું છે કે હવે અમને અમારા ભાડાના મકાન પાછા નહીં મળે. આમાથી ઘણા મજૂરો ત્રણ દિવસથી વડાલામાં પોલીસ સ્ટેશન પાસે સુઈ રહ્યા છે. તમિલનાડુમાં આવતી કાલથી સલૂન અને બ્યુટી પાર્લર ખુલશે. સરકારે એ માટેની મંજૂરી આપી છે. પહેલી શ્રમિક ટ્રેન ચેન્નાઈથી નાગાલેન્ડના દીમાપુર પહોંચી હતી જેમાં ૧૪૭૭ શ્રમિક સવાર હતા.

દરમ્યાનમાં ,કોરોના સામે લડવા માટે હાઈડ્રોક્સિક્લોકોક્વિન દવા અસરકારક સાબિત થઈ છે. ત્યારે કેન્દ્ર સરકારે હાઈરિસ્ક ઝોનમાં ડ્યૂટી કરતા સ્વાસ્થ્યકર્મીઓ સહિત અન્ય કોરોના વોરિયર્સને એન્ટિબાયોટિક તરીકે હાઈડ્રોક્સિક્લોરોક્વિન આપવામાં આવશે. નેશનલ ટાસ્ક ફોર્સે જણાવ્યું છે કે, આ દવા લેનારા દિલ્હી એઈમ્સમાં સહિત અન્ય હોસ્પિટલોમાં કામ કરતા સ્વાસ્થ્યકર્મીઓમાં સંક્રમણ ફેલાવવાનો ખતરો ઓછો થઈ ગયો છે.ભારતમાં કોરોના વાયરસ(કોવિડ-૧૯)ના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. રોજ હજારોની સંખ્યામાં નવા કેસ સામે આવી રહ્યા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે શનિવારે જણાવ્યુ કે છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના કેસોમાં ૬,૬૫૪ કેસોની અત્યાર સુધીનો સૌથી વધુ વધારો થયો છે અને ૧૩૭ મોત થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા ૧,૨૫,૧૦૧ છે જેમાં ૬૯,૫૯૭ સક્રિય કેસ અને ૩,૭૨૦ મોત શામેલ છે.રાજસ્થાનમાં આજે સવારે ૯ વાગ્યા સુધી કોરોના વાયરસના ૪૮ કેસ સામે આવ્યા છે અને ૨ મોત થયા છે. રાજ્યમાં કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૬,૫૪૨ થઈ ગઈ છે અને કોરોના વાયરસથી થતા મોતનો આંકડો ૧૫૫ છે, રાજ્યમાં સક્રિય કેસોની સંખ્યા ૨,૬૯૫ છે. પશ્ચિમ બંગાળમાં કોરોના વાયરસના ૧૩૫ નવા કેસ સામે આવ્યા છે અને ૬ મોત થયા છે. રાજ્યમાં ૨૨ મે સુધી કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા ૩,૩૨૨ છે. આમાં રિકવર થઈ ચૂકેલા ૧,૨૪૯ કેસ અને ૧૯૯ મોત શામેલ છે.મહારાષ્ટ્રમાં કુલ સંક્રમિત ૪૪,૫૮૨ મહારાષ્ટ્રની વાત કરીએ તો અહીં ૨,૯૪૦ નવા કેસો સાથે કોરોના વાયરસના કેસોમાં એક દિવસમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો છે.

રાજ્યમાં હવે કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૪૪,૫૮૨ થઈ ગઈ છે. અહીં મુંબઈના ધારાવીમાં કોરોના વાયરસના ૫૩ નવા કેસ સામે આવ્યા છે. ધારાવીમાં હવે કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની સંખ્યા વધીને ૧,૪૭૮ થઈ ગઈ છે અને કોરોના વાયરસથી થતા મોતનો આંકડો ૫૭ છે

ગુજરાતમાં કુલ કેસ ૧૩,૨૭૩ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૬૩ નવા કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં હવે કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૧૩,૨૭૩ થઈ ગઈ છે. આમાં ૫,૮૮૦ રિકવર થઈ ચૂકેલ કેસ અને ૮૦૨ મોત શામેલ છે.તેલંગાનામાં ૭૮૬ નવા કેસ સામે આવ્યા છે. રાજ્યમાં હવે કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૧૪,૭૫૩ થઈ ગઈ છે. બિહારમાં કોરોના વાયરસના ૧૧૮ વધુ કેસ સામે આવ્યા છે. હવે રાજ્યમાં કોરોના વાયરસ પૉઝિટીવ કેસોની કુલ સંખ્યા વધીને ૨,૧૦૫ થઈ ગઈ છે.

પ્રતિદિનની રીતે જોઈએ તો ૧૫ મે પછી કોરોના વાઈરસથી સંક્રમિત થતા લોકોની સંખ્યા પ્રતિદિન નવા ૩ હજારથી વધીને હવે સરેરાશ છ હજારની આસપાસ પહોંચી ગઈ છે. જોકે એવું પણ કહેવાય છે કે ટેસ્ટિંગ વધારવાને લીધે સંખ્યા વધી છે.

### મજૂરોએ કહ્યુ અમને અમારા વતન પહોંચાડી દો

## રાહુલ ગાંધીએ યુટ્યુબ પર શેર કરી ડોક્યુમેન્ટ્રી, પ્રવાસી મજૂરોનું દર્દ છલકાયું



ન્યુ દિલ્હી,તા.૨૩

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ શનિવારે પ્રવાસી મજૂરોને લઈને એક ડૉક્યુમેન્ટ્રી જારી કરી છે. જેમાં જોઈ શકાય છે કે રાહુલ મજૂરોને પૂછે છે કે તેમની પાસે રૂપિયા છે કે નહીં. તેમને કેવી રીતે ખબર પડી કે દેશમાં લોકડાઉન ચાલુ છે. રાહુલે જે મજૂરો સાથે વાત કરી છે કે યુપીમાં ઝાંસીના નિવાસી છે અને હરિયાણાની એક ફેક્ટરીમાં કામ કરે છે. વાતચીતમાં તેમણે જણાવ્યુ કે તેમને એક પૈસાની પણ મદદ મળી નથી.

પ્રવાસીઓએ રાહુલને જણાવ્યુ કે તેમના ઘરેથી બહાર નીકળવુ ગુનો થઈ ગયો છે. પોલીસ સિવાય સ્થાનિક લોકો પણ તેમને બહાર નીકળવા પર મારતા હતા.

પોલીસવાળા બે વાર આવતા હતા. એક મહિલાએ ભાવુક થઈને રાહુલને કહ્યુ કે અમને અમારા ગામ પહોંચાડી દો. અમને પાછા હરિયાણા ના પહોંચાડતા. અમારે ગામડે જવુ છે.

મજૂરોએ જણાવ્યુ કે હરિયાણામાં જ્યા રહેતા હતા ત્યાં પાંચ-પાંચ હજારનો સામાન છુટી ગયો છે જે પાછો આવી શકતો નથી.રાહુલ ગાંધીએ કહ્યુ કે લોકડાઉન લાગુ થયે હવે લગભગ બે મહિના થઈ ચૂક્યા છે. ભારત લાખો પ્રવાસી પુરૂષો, મહિલાઓ અને બાળકોની તસવીરો અને વીડિયોથી શરમજનક સ્થિતિમાં મૂકાયા છે. જે સુરક્ષિત પોતાના વતન અને ગામ જવાની પૂરી રીતે પ્રયત્ન કરી રહ્યા છે. હાઈવે પર કેટલાય કિલોમીટર ચાલીને, ટ્રકોમાં અથવા દરેક રીતે વાહન દ્વારા પોતાના ઘર તરફ જતા આ પ્રવાસીઓની તસવીરો અને વીડિયોએ દરેક ભારતીયને હચમચાવી મૂક્યા છે.

આની પહેલાં રાહુલ ગાંધીએ વીડિયો ટીઝર રજૂ કર્યું હતું. વીડિયોમાં રાહુલ ગાંધી પૂછતા દેખાય છે કે કેટલાં દૂર તમારે ચાલીને જવાનું છે. વીડિયોમાં એક શખ્સ જવાબ આપે છે કે ૧૦૦ કિલોમીટર. એક મહિલાએ કહ્યું કે હવે અમે કયારેય પાછા આવીશું નહીં.

**સહાનુભૂતી ઓછી અને ડ્રામા વધારે લાગે છેઃ માયાવતી**

ઉત્તરપ્રદેશનાં પૂર્વ મુખ્યમંત્રી અને બહુજન સમાજ પાર્ટી (બસપા) સુપ્રીમો માયાવતી પરપ્રાંતિય મજૂરોનાં મુદ્દે કોંગ્રેસ પર સતત પ્રહાર કરી રહ્યા છે. કોંગ્રેસને બસ ચલાવવાની સલાહ આપ્યા બાદ હવે માયાવતીએ રાહુલ ગાંધીનું નામ લીધા વિના સ્થળાંતર કામદારો સાથેની વાતચીતનો વીડિયો શેર કરવા માટે તેમના પર તંજ કસ્યો છે. બસપા સુપ્રીમોએ કહ્યું કે, કોંગ્રેસનાં નેતા દ્વારા બતાવવામાં આવી રહેલી વીડિયોમાં સહાનુભૂતિ ઓછી અને ડ્રામા વધારે લાગે છે.

## આશ્ચર્યજનકઃ ઈન્ટરનેટ સ્પીડમાં ભારત પાકિસ્તાન-નેપાળ કરતાં પણ પાછળ




ન્યુ દિલ્હી,તા.૨૩

મોબાઈલ કંપનીઓ મોબાઈલ પર ઈન્ટરનેટ સ્પીડને લઈને ભલે મોટા મોટા દાવા કરતી હોય પણ વાસ્તવિકતા અલગ જ છે.મોબાઈલ પર બ્રોન્ડ બેન્ડ સ્પિડમાં દુનિયામાં ભારતની સ્થિતિ પાકિસ્તાન અને નેપાળ કરતા પણ ખરાબ છે. હાલમાં આ મામલે ભારત ૧૩૨માં નંબરે છે.

સ્પીડ ટેસ્ટના એપ્રિલ ૨૦૨૦ના આંકડા પ્રમાણે ભારતમાં મોબાઈલ પર સરેરાશ ડાઉનલોડિંગ સ્પીડ ૯.૮૧ એમબીપીએસ અને સરેરાશ અપલોડ સ્પીડ ૩.૯૮ એમબીપીએસ છે.

સ્પીડ ટેસ્ટ કરનાર આ ટેક કંપની દર મહિને મોબાઈલ સ્પીડને લઈને દુનિયાના ૧૩૯ દેશોની યાદી બનાવે છે.આ પહેલા લાખોની સંખ્યામાં ડેટા એકત્રિત કરીને તેનુ એનાલિસીસ કરવામાં આવે છે.

ભારતની સામે દુનિયાની સરેરાશ ડાઉનલોડિંગ સ્પીડ ૩૦.૮૯ એમબીપીએસ અને અપલોડિંગ સ્પીડ ૧૦.૫૦ એમબીપીએસ રહી છે.

સૌથી વધારે ૮૮.૦૧ એમબીપીએસની સ્પીડ સાથે દક્ષિણ કોરિયા આ લિસ્ટમાં પહેલા સ્થાને છે.

પાકિસ્તાનને આ લિસ્ટમાં ૧૧૨મુ અને નેપાળને ૧૧મુ સ્થાન મળ્યુ છે. શ્રીલંકા પણ ભારત કરતા આગળ ૧૧૫મા સ્થાને અને બાંગ્લાદશ ૧૩૦મા સ્થાને છે.

### સાઈબિલના રિપોર્ટ અનુસાર ડાર્ક વેબ પર ડેટા લીક થયો

## નોકરીની શોધમાં રહેલા ૨.૯૧ કરોડ ભારતીયોનો પર્સનલ ડેટા લીક

**સાઈબિલના જણાવ્યા અનુસાર હેકર્સ લીક થયેલી જાણકારીઓનો ઉપયોગ સ્કેમ માટે કરી શકે છે**




ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં ફરી એક વાર ડેટા લીકનો મામલો સામે આવ્યો છે. નોકરીની શોધ કરી રહેલાં ૨.૯૧ કરોડ ભારતીય નાગરિકોનો ડેટા ડાર્ક વેબ પર લીક થયો છે.

સાયબર થ્રેટ્સ પર નજર રાખતી કંપની સાઈબિલે ટ્વીટ કરી તેની માહિતી શેર કરી છે.

સાઈબિલના રિપોર્ટ અનુસાર ડાર્ક વેબ પર આ વખતે મોટી માત્રામાં ડેટા લીક કરવામાં આવ્યા છે. આ તમામ લોકો જોબ સીકર્સ (નોકરીની શોધ કરી રહેલાં) છે. આ ડેટા લીકમાં એજ્યુકેશન, એડ્રેસ, ઈમેઈલ, ફોન, કામ કરવાનો અનુભવ, સેલરી સહિતની પર્સનલ ડિટેઈલ સામેલ છે.

સાઈબિલે તેના રિપોર્ટમાં નોકરી શોધવા માટે મદદ કરતી કેટલીક વેબસાઈટનો પણ ઉલ્લેખ કર્યો છે. જોકે આ ડેટા લીક કયા માધ્યમથી કરવામાં આવ્યા કંપની તેનાં પર રિસર્ચ કરી રહી છે.

સાઈબિલના જણાવ્યા અનુસાર હેકર્સ લીક થયેલી જાણકારીઓનો ઉપયોગ સ્કેમ માટે કરી શકે છે. એક રિપોર્ટ મુજબ ભારતીય ફર્મ્સે પોતાના વર્ક પ્લેસ પરથી રેન્સમવેર વાઈરસને દૂર કરવા માટે ૮ કરોડ રૂપિયા આપ્યા હતા.

એક રિપોર્ટ અનુસાર ગત ૧ વર્ષમાં ૮૨% ભારતીય ફર્મ પર રેન્સવેર વાઈરસનો હુમલો કરવામાં આવ્યો હતો. અને તેને દૂર કરવા માટે હેકર્સે ખંડણીની માગણી કરી હતી.ડાર્ક વેબ ઈન્ટરનેટનો જ એક ભાગ છે. જોકે તેને સામાન્ય સર્ચ એન્જિનથી શોધી શકાતું નથી. તેના માટે ખાસ 'ટોર' બ્રાઉઝરની જરૂર પડે છે.

## ૫૦ ટકા કર્મચારીઓને 'વર્ક ફ્રોમ હોમ'ની સુવિધા આપશે ફેસબુક




*કેલિફોર્નિયા,તા.૨૩*

કોરોના કાળમાં મોટા ભાગની કંપનીઓ પોતાના કર્મચારીઓને ઘરેથી કામ કરવાની સુવિધા પ્રદાન કરી રહી છે, પરંતુ ફેસબુક વર્ક-ફ્રોમ-હોમની આ નીતિને કાયમ ચાલુ રાખવા ઈચ્છે છે. વિશ્વની ચોથા નંબરની સૌથી મોટી કંપની ફેસબુકના CEO માર્ક ઝુકરબર્ગનું કહેવું છે કે આગામી ૧૦ વર્ષોમાં કંપનીના આશરે ૫૦ ટકા કર્મચારી રિમોટ વર્કિંગ કરશે, એમણે ઓફિસ જવાની જરૂર નહીં રહે. ફેસબુકનો આ નિર્ણય કર્મચારીઓના ચહેરા પર સ્મિત લાવી શકે છે, પણ આમાં એક ટ્વિસ્ટ પણ છે. જે કર્મચારીઓને વર્ક-ફ્રોમ-હોમનો વિકલ્પ આપવામાં આવશે, તેમના સેલરી પેકેજમાં ઘટાડો થવાની શક્યતા છે. ઝુકરબર્ગનું કહેવું છે કે અમે બહુ સારી સેલરી આપીશું, પણ એ માર્કેટ રેટ પર આધારિત હશે અને એ લોકેશનને અનુસાર અલગ હોઈ શકે. વર્ક-ફ્રોર્મ-હોમથી કપનીનાં ભોજન, વીજળી અને ઓન-કેમ્પસ સુવિધાઓ પર થતા ખર્ચમાં પણ ઘટાડો થશે, પરંતુ તેણે કર્મચારીઓને આવશ્યક ઉપકરણ પ્રદાન કરવા માટે વધુ ખર્ચ કરવો પડશે. જોકે હજી એ સ્પષ્ટ નથી કે આ નિર્ણયનો કંપનીની નાણાકીય સ્થિતિ અને કર્મચારી પેકેજો પર શી અસર પડશે.

માર્ક ઝુકરબર્ગે કહ્યું છે કે એમને વિશ્વાસ છે કે ૬૦ ટકા કર્મચારીઓને ફ્લેક્સિબલ વર્ક એન્વાયર્નમેન્ટ પસંદ આવશે અને જો વિકલ્પ આપવામાં આવશે તો આમાંથી ૫૦ ટકા કોઈ અન્ય શહેરમાં જવાનું પસંદ કરશે. આવું એટલા માટે પણ સંભવ છે કે જો કંપની વર્ક-ફ્રોમ-હોમ પોલિસી પર ધ્યાન કેન્દ્રિત રહેશે અને કર્મચારીઓના સેલરી પેકેજમાં ઘટાડો કરશે તો અપેક્ષા અનુસાર મોંઘાં શહેરોમાં રહેતા કર્મચારીઓ પ્રમાણમાં નાનાં શહેરોમાં જવાનું પસંદ કરશે.

### ચીનની લેબમાં તૈયાર થયો હતો કોરોના વાયરસ : ટ્રમ્પ

## અમેરિકા આકરા પાણીએઃ ચીનની ૩૩ કંપનીઓને બ્લેકલિસ્ટ કરી

વૉશિંગ્ટન,તા.૨૩



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસને લઈને સતત ચીન પર આકરા પ્રહારો કરી રહ્યા છે. ચીની સ્ટૉક માર્કટમાંથી અબજો ડોલર અમેરિકન પેન્શન ફંડ પરત લેવાની જાહેરાત બાદ અમેરિકાએ ચીનની ૩૩ કંપનીઓને બ્લેકલિસ્ટ કરી છે. અમેરિકા એવી કંપની અને સંસ્થાઓને બ્લેકલિસ્ટ કરી રહી છે જે કથિત રીતે ચીનના સૈન્ય સાથે જોડાયેલી છે. ટ્રમ્પ સતત આરોપ લગાવી રહ્યા છે કે કોરોના વાયરસ ચીનની વુહાન લેબમાં તૈયાર થયો હતો અને તેને જાણી જોઈને દુનિયામાં ફેલાવવામાં આવ્યો હતો.અમેરિકાના વાણિજ્ય મંત્રાલયે એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે, ×સાત કંપની અને બે સંસ્થાને બ્લેકલિસ્ટ કરી દેવામાં આવી છે. આ કંપનીઓ ઉઈગર અને અન્ય લોકોના માનવાધિકારના હનનના ચીનના અભિયાન સાથ જોડાયેલી હતી. આ અભિયાન અંતર્ગત મોટી સંખ્યામાં લોકોને કારણ વગર કસ્ટડીમાં લેવામાં આવે છે અને તેમની પાસે મજૂરી કરાવવામાં આવે છે અને તેમના પર નજર રાખવામાં આવે છે.× આ ઉપરાંત બે ડઝન અન્ય કંપની, સંસ્થાઓ અને વેપાર સંગઠનોને ચીનની કંપનીને સામાન પહોંચાડવાને કારણે બ્લેકલિસ્ટમાં નાખવામાં આવી છે.બ્લેકલિસ્ટ કરવામાં આવેલી કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ફેશિયલ રેકગ્નાઈઝેશન જેવા ટેક્નોલોજીના ક્ષેત્રમાં કામ કરે છે. નોંધનીય છે કે અમેરિકાની જ મોટી કંપની જેમાં ઈન્ટેલ કોર્પ અને એનવીડિયા કોર્પ શામેલ છે જેમણે તેમાં મોટું રોકાણ કર્યું હતું. બ્લેકલિસ્ટ કરવામાં આવેલી કંપનીમાં ચીનની નેટપોસાનું નામ સામેલ છે.ટ્રમ્પ તરફથી ફરી એક વખત કહેવામાં આવ્યું છે કે કોરોના ચીનમાંથી જ આવ્યો છે. તેમણે કહ્યું કે અમેરિકા આ વાત ખૂબ ગંભીરતાથી લેશે. ગુરુવારે ટ્રમ્પે મિશિગન ખાતે આફ્રિકી અમેરિકન નેતાઓ સાથે એક બેઠક દરમિયાન જણાવ્યું હતું કે, ×કોરોના વાયરસ ચીનમાંથી આવ્યો છે. અમે આ વાતથી ખુશ નથી.

# તંત્રી લેખ

## કોરોના સામે રાજય અને કેન્દ્ર બંને લાચાર

વિશ્વભરમાં કોરોનાગ્રસ્ત દેશોએ પોત પોતાના દેશની અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવવા લોક ડાઉન હટાવવા સહિતના પગલાં લઈને કે પરિસ્થિતિ અનુસાર છુટછાટ આપીને વિવિધ ઉત્પાદન એકમો, ધંધા, માર્કેટ, વેપાર શરૂ કરાવી દીધા છે. તો આજે પણ કોરોના સંક્રમિતોના નવા કેસો રોજે રોજ બહાર આવી રહ્યા છે.. છતાં હવે કોરોના સાથે જીવવું પડશે તે બાબતનો વિશ્વભરના લોકોએ સ્વીકાર કરી લીધો છે જેમાં ભારત પણ બાકાત નથી. ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧.૨૩ લાખને આંબવાની તૈયારીમાં છે જ્યારે મૃતાક ૩૭૦૮ પર પહોંચી ગયો છે.. પરંતુ વિવિધ રાજ્યોમા ર્ક્ષ્ઠાર્દ્ધુંહ વિસ્તારોમાં નાના-મોટા ઔદ્યોગિક એકમો,માર્કેટો, ધંધા-રોજગાર શરૂ કરવાની છૂટ છાટ આપ્યા પછી લોકોમાં હાશકારો થયો છે. નોકરિયાતો, મજૂરો, રોજમદારો, ગરીબો,મધ્યમ વર્ગ પોત પોતાના કાર્યમાં જોતરાઈ ગયા છે. જોકે જે તે ઉત્પાદન એકમોમાં શ્રમજીવીઓની મોટા પ્રમાણમાં અછત સર્જાઈ છે જેના કારણે જરૂરી પ્રમાણમાં ઉત્પાદન ઘટી ગયું છે. જો કે લોકોની ખરીદ શક્તિ પણ ઠેબે ચડી ગઈ છે. ચીજવસ્તુઓની જરૂર હોવા છતાં લોકો ખરીદી શકતા નથી કારણ ખીસામા પૈસા નથી... સરકારે પણ ગરીબ, શ્રમજીવી, મધ્યમ વર્ગ સહિતના લોકોને આર્થિક સહાય કે મદદ આપવામાં પાછી પાની ભરે છે... અને ફરી એકવાર સ્વનિર્ભર બનવાના મોદીજીએ દેશના લોકોને આપેલા મહામંત્રને કારણે લોકો દોડતા થઈ છે.... લોકોને ૨૦ લાખ હજાર કરોડનું પેકેજ આપ્યું જેમા ગરીબો, શ્રમજીવીઓ, મધ્યમ વર્ગને કોઈ જ આર્થિક સહાય નથી આપી. પરંતુ લોન આપવાની વાત છે જેની વિગતો જાણ્યા પછી લોકો ખુદ કહેતા થઈ ગયા છે કે આ સરકારની ગરીબ, શ્રમજીવીઓ કે મધ્યમ વર્ગની પડી જ નથી એટલા માટે તેમના બેંક એકાઉન્ટમાં નાણાકીય સહાયના બદલે સહકારી બેંકો દ્વારા લોન લેવાની વાત છે...જે હાથમાં ગાજરની પીપૂડી પકડાવી દીધી હોવાનુ લાગે છે.....!?

દેશભરના લોકો મહામારીનો સામનો કરી રહ્યા છે ત્યારે કુદરત ભયાનક વાવાઝોડા રૂપે બંગાળ, ઓરિસ્સા સહિતનાં દરિયા કાંઠાના રાજ્યોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. પરંતુ ત્યાંની સરકારોએ પોત પોતાની રીતે લોક બચાવ સહિતના વિવિધ પગલાં ભર્યા છે તેના વડાપ્રધાનશ્રી મોદીજીએ બંગાળ સરકારે લીધેલા મહામારી અને વાવાઝોડાથી લીધેલા બચાવના પગલાની ભારે પ્રશંસા કરી છે..... જેનાથી ખુદ ભાજપાની નેતાગીરી મૂંઝવણમાં મુકાઈ ગઈ છે.....! કારણ કે ભાજપા મમતા સરકારને નાની નાની બાબતોને મોટું સ્વરૂપ આપી ને ભીડવા માટે સતત પ્રયત્ન કરતો હતો. હવે જો બંગાળ ભાજપા નેતા આવું કંઈ કરશે કે મમતા પર આક્ષેપ કરશે તો મોદીએ જાહેરમાં આપેલ સારી કામગીરીનુ સર્ટીફીકેટ રજુ કરશે.... અને કદાચ મમતા ચૂંટણીમાં મોદીજીએ કરેલા વખાણનો ફાયદો ઉઠાવશે તે નિશ્ચિત છે....! ત્યારે સંબિત પાત્રા રાજસ્થાન સરકારને ભેરવવા જતાં ખુદ ભરાઈ પડયા.. રાજ્ય સરકારે યુપી સાથે કરેલા આર્થિક વ્યવહાર અનુસંધાને યુપી સરકારનો પત્ર જાહેરમાં રજુ કરતા સોશિયલ મીડિયા પર લોકોએ સંબિત પાત્રાની ધોલાઈ કરી નાખી અને સંબીત પાત્રાને પોતાની મેટર ડિલિટ કરી નાખી તે સાથે ગુમ થઈ ગયા છે.....! ગુજરાતમાં સુરત ખાતે પર પ્રાન્તિઓને વતન જવા કોંગ્રેસ દ્વારા ટિકીટના પૈસા આપવામાં આવતા હતા... જેના વીડિયો વાયરલ થતાં ગુજરાત સરકારે સુરત રેલ્વે સ્ટેશન કોંગ્રેસના નાના-મોટા નેતાઓને પ્રવેશબંધી કરી દીધી હતી.... તો પત્રકાર- મીડિયાને પણ જવા દેવાયા ન હતા જેના ઘેરા પ્રત્યાઘાત લોકોમા પડયા છે. લોકો અને શ્રમજીવીઓ કહે છે કે સરકાર વતન પહોંચાડવા તૈયાર નથી અને ટિકિટ ભાડા આપનારને અટકાવે છે.... તો શું ભાજપામાં શ્રમજીવીઓ- મજૂરો વિરોધી છે કે શું.....? મીડિયામાં મોટી મોટી વાતો કરે છે ટ્રેનો મૂકી, બસો મુકી પણ કોઈને વતન જવા ટિકિટના નાણાં કે ખાવા-પીવાનું આપ્યું નહીં...આ કેવી માનવતા કહેવાય.....? અને મદદ કરનારને અટકાવવા એ કેવી નીતિ.....? યુપીમાં પ્રિયંકા ગાંધીએ વતન પહોંચાડવા બસોનું ભાડું ચૂકવી બસો મૂકી અને વતન જનારાઓને ખાવા-પીવા સહિતની સહાય કરી જેના કારણે યુપીમા સરકારતો ભીડાય પરંતુ બસપા અને સપા ભરાઈ પડ્યા છે. શ્રમજીવીઓ મજુરો કોંગ્રેસનો આભાર માને છે..... ટૂંકમાં રાજકીય ક્ષેત્રે સત્તાધારીઓ વિપક્ષ સારું કામ કરે,સહાય કરે તેને પણ સહન કરી શકતા નથી.....! ત્યારે આપણા દેશનું રાજકારણ કઈ કક્ષાએ નીચે જઈ રહ્યું છે..... કે જ્યાં માનવતાને પણ હણી નાખવામાં આવે છે.....?! તેવો સવાલ આમ પ્રજામાં ઉઠવા પામ્યો છે......!? વંદે માતરમ્

## અમદાવાદ માટે રાહતના સમાચારઃ ૧૫ દિવસમાં કોરોના દર્દીઓનો રિકવરી રેટ ૧૪૦ ટકા વધ્યો

અમદાવાદ,તા.૨૩

દેશભરમાં કોરોનાના મામલા ૧.૨૫ લાખને પાર પહોંચી ગયા છે. ગુજરાતમાં પણ કોરોનાના કેસનો આંકડો ૧૩૦૦૦ને પાર પહોંચી ગયો છે. તો અમદાવાદમાં કોરોનાના કેસની સંખ્યા ૧૦ હજારને નજીક પહોંચી ગઈ છે. આ વચ્ચે અમદાવાદથી સારા સમાચાર પણ સામે આવ્યા છે. અમદાવાદ કોર્પોરેશને દાવો કર્યો છે કે, છેલ્લા ૧૫ દિવસમાં શહેરમાં રિકવરી રેટમાં ૧૪૦ ટકાનો વધારો થયો છે.

ગુજરાતમાં અમદાવાદ શહેર કોરોના વાયરસનું સૌથી વધુ ભોગ બન્યું છે. તે દેશના ટોપ-૫ શહેરોમાં સામેલ છે જ્યાં કોરોના વાયરસના સૌથી વધુ કેસ નોંધાયા છે. તો હવે અમદાવાદના લોકો માટે સારા સમાચાર પણ આવ્યા છે. શુક્રવારે ૨૪ કલાકમાં ૨૫ લોકોના મૃત્યુ વચ્ચે તંત્ર દ્વારા રિકવરી રેટ વધવાનો દાવો કરવામાં આવ્યો છે. આઈએએસ અધિકારી રાજીવ ગુપ્તાએ જણાવ્યુ કે, શહેરમાં ૫ મેએ રિકવરી રેટ ૧૫.૮૫ ટકા હતો. તો ગુજરાતનો રિકવરી રેટ ૨૨.૧૧ અને ભારતનો રિકવરી રેટ ૨૮.૬૨ ટકા હતો. તેમણે દાવો કર્યો કે, છેલ્લા સપ્તાહમાં અમદાવાદ વહીવટી તંત્ર દ્વારા અપનાવવામાં આવેલી બહુસ્તરીય રણનીતિને કારણે શહેરમાં રિકવર થનારાની સંખ્યા અવિશ્વસનીય રીતે વધી રહી છે. ગુપ્તાએ જણાવ્યુ કે, ગુજરાતના ૯૨ ટકા અને ભારતના ૪૩ ટકાના મુકાબલે અમદાવાદમાં રિકવરી રેટમાં ૧૪૦ ટકાનો વધારો જોવા મળ્યો છે.૨૧ મેએ શહેરમાં રિકવર થવાનો દર ૩૮.૧ ટકા નોંધાયો હતો. તો આ દિવસે ગુજરાતમાં રિકવરી રેટ ૪૨.૫૧ ટકા હતો અને ભારતનો રિકવરી રેટ ૪૧.૦૬ ટકા હતો. પરંતુ શહેરમાં વધતા રિકવરી રેટની પાછળ કારણને લઈને ગુપ્તાએ જવાબ આપવાનું ટાળ્યું હતું.

### સૌની યોજના હેઠળ ૪૦૦થી વધુ ચેકડેમ,૧૨૦ તળાવ ભરવાનું આયોજન

# રાજ્યમાં ત્રણ લાખ જેટલા ઔદ્યોગિક એકમો શરૂ થયાઃ સરકાર

ગાંધીનગર,તા.૨૩

રાજ્યના સીએમઓ સચિવ અશ્વિની કુમારે આજે પ્રેસ કોન્ફરન્સને સંબોધીને જણાવ્યું હતું કે, લોકડાઉન-૪માં અનેક છૂટછાટ આપવામાં આવી છે. રાજ્યમાં ધંધા રોજગાર શરૂ થઈ ગયા છે. જે નિયમ અમલમાં છે તેના પાલન સાથે તમામ છૂટછાટ આપવામાં આવી છે. ૩ લાખ જેટલાં ઔદ્યોગિક એકમો કાર્યરત થયા છે. જેનાથી ૨૫ લાખથી વધુ લોકો રોજગારી મેળવી રહ્યાં છે.




ઔદ્યોગિક એકમોમાં ૭૫૦૦ મેગાવોટ વિજળીનો વપરાશ થયો છે. રાજ્યમાં મોટા પાયે ઓદ્યોગિક કામગીરી શરૂ થઈ ગઈ છે.તો ઉનાળાને લઈ રાજ્યમાં પાણીની કટોકટી ન થાય તે માટે અશ્વિની કુમારે જણાવ્યું કે, રાજ્યમાં પાણીની સમસ્યા ન સર્જાઈ તે માટે તળાવો, ચેકડેમ ભરીને પાણીની સમસ્યા દૂર કરવામાં આવશે. સૌથી યોજના હેઠળ સૌરાષ્ટ્રના ૨૫થી વધુ જળાશયો ભરવામાં આવશે. મચ્છુ ૨ ડેમ અને જામનગરના ડેમ ભરવામાં આવશે. સૌની યૌજનાની કામગીરી ત્રણ તબક્કામાં કરવામાં આવશે. ૪૦૦થી વધુ ચેકડેમમાં પાણી ભરાશે. ૧૨ તળાવમાં પાણી ભરવામાં આવશે. ૪ હજાર મીલિયન ઘનફૂટ પાણી છોડાશે. ઉનાળામાં પાણી ન ખૂટે તે માટે આયોજન કરાયું છે.આ સાથે અશ્વિની કુમારે એમ પણ જણાવ્યું કે, મનપા અને નપા વિસ્તારમાં જે સરકારી કામો કરવામાં આવે છે. જેમ કે, મકાન બનાવવા, બાંધકામ સહિત વિકાસના તમામ કામો શરૂ થઈ ગયા છે.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૨)

**વર્ષા જાની**

માણસ હમણા હમણા માનવતાનો અંચળો ઓઢીને ફરે છે ! કે પછી હમેઁશને માટે મનુષ્યત્વ પામી જશે? કોઈને ક્યાં ક્યારેય પામી શકાય છે ! પણ આ કોરોનાની વૈશ્વિક મહામારી એ ભલભલાને ભલા બનાવી દીધાં છે. ઉત્તમ પરોપકારી બનવાનો સઘન પ્રયત્ન થઈ રહ્યો છે!



'જમણો હાથ આપે તો ડાબા હાથને પણ ખબર ન પડવી જોઈએ ' આ ફોટોફેશન કરનારા મોબાઈલ યુગના દાતાઓને ક્યાં એવી કોઈ ઉક્તિની પડી છે? બસ, એકાદ બે વસ્તુઓ ગરીબોને આપો, ફોટાઓ પાડો ને સોસીયલ મીડિયા પર અપલોડ કરી, મિત્રો, મિત્રોના મિત્રો પાસે શેર કરાવો.પછી વાહ વાહી મેળવવી. આ તે કેવી ફેમસ, પ્રખ્યાત થવાની ઘેલછા?

પોતાનાં કર્મનું પોટલું ભારે બનાવવાની આ બધી મથામણ હોવી જોઈએ. નહીં કે દેખાડા માટે ! સુગન્ધ કે દુર્ગંધ ગમે એટલા છુપાવવાની કોશિશ કરો, ક્યારેય છુપાઈ શક્યા છે? એમ સત્કાર્યની સુવાસ પણ આપોઆપ ફેલાઈને પ્રસિદ્ધિ પામે છે. પછી જ કોઈ પ્રચાર, પ્રસાર માધ્યમો દ્વારા એને ફેલાવો મળે છે, અલબત્ત એ કાર્યને વેગવંતુ બનાવવા માટે.

ભારતભરમાં એવા તો કેટકેટલા સદ્કાર્ય કરતાં સંસ્થાનો છે, કે ત્યાં ક્યાંથી દાનનો પ્રવાહ આવી રહ્યો છે, એની કોઈને જાણ, ખબર પડતી જ નથી ! અરે, વીરપુરમાં આવેલા જલારામ ધામમાં ક્યાંય દાનપેટી જ તમને શોધી પણ નહીં જડે ! કે ડોનેશન આપવા માટે, પહોંચ ફડાવવા માટે કોઈ કાર્યાલય પણ નજરે નહી ચડે, છતાંય

ક્યાંય પણ અટક્યા વગર, ખટક્યાં વગર શ્રેષ્ઠ અન્નદાન ક્ષેત્રો ચાલે જ છે ને? કોઈ અકળ શક્તિ જ આગળ કામ ધપાવી રહી છે, એનો અહેસાસ જરૂર થાય, થાય ને થાય જ.

कर्मण्ये वाधि कारस्ते
मा फलेषु कदाचन

શ્રીમદ્ભગવદ્ ગીતાજીના આ ઉત્તમ વિચારનો ભેખ ધારણ કરીને જીવનમાં ઉતારનારા હજી આ કળિયુગમાં જીવન્ત છે, કળિયુગી ભામાશા કે કર્ણની દિલદારી અવિરત વહેતી રહેશે ત્યાં સુધી ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિ સામે બાથ ભીડવા આપણે ચોક્કસ સક્ષમ છીએ જ.

ભગવાન એમ પણ કહે જ છે ને! × કામ કરતો જા, હાંક મારતો જા, મદદ તૈયાર છે.ઉત્તમ કાર્ય કરનારને અવશ્ય અદ્રશ્ય શક્તિની મદદ મળે જ છે,પણ પહેલી શરત એ છે કે એકવાર ડગલું તો ભરો, ભરોસા સાથે. અને જે એકવાર પગ ઉપડે છે ને એનું કાર્ય ક્યારેય અટકતું જ નથી.

એક ડગલું ચાલનાર માટે ઈશ્વર સો ડગલાં, અરે હજારો ડગલાં સામે ચાલીને આવે જ છે. જ્યાં શુભનિષ્ઠ વિચાર વેગવંતો બને એ પણ જરૂરી છે. નીતિમય કાર્ય હિમાલયમાંથી નીકળતી પાર્વતી જેવું છે. (કાકા સાહેબ કાલેલકર નદીઓને પર્વતની પુત્રી - પાર્વતી કહે છે. ) એ ગંગા જેવું પવિત્ર છે. પછી એ કાર્યનિષ્ઠવ્યક્તિને ગંગામાં ડૂબકી લગાડવાની જરૂરત રહેતી નથી, જ્યાં ખૂદમાં જપવિત્ર ગંગા વહેતી હોય... !

અસ્તુ

★ વર્ષા જાની ★

ભાવનગર ★૨૪ મે ૨૦૨૦. રવિવાર

## કેશોદમાં એસબીઆઈ બ્રાન્ચ મેનેજર કોરોના પોઝિટિવ નીકળતા હડકંપ

કેશોદ,તા.૨૩

કોરોનાનો પ્રકોપ હવે ધીમે ધીમે નાના શહેરો અને ગામડામાં વધી રહ્યો છે. લોકડાઉન ૪.૦માં છૂટછાટ આપ્યા બાદ લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા પણ નાના શહેરો અને ગામડામાં કોરોના કેસો વધી રહ્યા છે.

કેશોદમાં પણ આજે કોરોનાનો વધુ એક કેસ આવ્યો છે.

મળતી માહિતી મુજબ કેશોદમાં એસબીઆઈ બ્રાન્ચ મેનેજર કોરોના પોઝિટિવ આવ્યા છે. શહેરના આંબાવાડી વિસ્તારના આલીશાન એપાપ્ટમેન્ટમાં રહેતા એસબીઆઈ મેનેજરનો કોરોના કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેશોદમાં અમદાવાદથી આવેલા ૬૦ વર્ષીય વ્યક્તિનો આવ્યો કોરોના પોઝીટીવ આવ્યો છે.

કેશોદમાં વધુ એક કોરોના પોઝિટિવ રીપોર્ટ આવતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. કેશોદમાં અત્યાર સુધીમાં કુલ ૬ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે.

જિલ્લાની વાત કરીએ તો જૂનાગઢમાં અત્યાર સુધીમાં કુલ ૧૮ કોરોનાના પોઝિટિવ કેસ આવ્યા છે. જેમાંથી ૪ લોકો રિકવર થઈને ઘરે ગયા છે. જોકે જુનાગઢ જિલ્લામાં એક પણ મૃત્યુ કોરોનાને કારણે થયું નથી. જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૪૭૧૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

જયારે હાલમાં ૧૮૧૭૯ લોકો કોરેન્ટાઈન હેઠળ છે.

## શ્રમિકોને રેલવે સ્ટેશન લઈને જતી બસમાં જ મહિલાને પ્રસૂતિ થઈ

અમદાવાદ,તા.૨૩

કોરોના કહેરના કારણે દેશમાં લૉકડાઉન થયું છે. જે બાદમાં શ્રમિકોને ખાવાના ફાંફાં પડી ગયા છે. ખાવાનું અને કામ ન હોવાથી અનેક શ્રમિકો પગપાળા જ વતન જવા માટે નીકળી પડ્યા હતા. જે બાદમાં સરકારે જાહેરાત કરી કે જે પરપ્રાંતીય શ્રમિકો વતન જવા માંગે છે તેમના માટે વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત રોડ પર પગપાળા જતા લોકોને પણ શેલ્ટર હાઉસમાં ખસેડવામાં આવ્યા હતા. હવે તેમને ક્રમશઃ તેમના વતન મોકલવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અમદાવાદથી પણ શ્રમિકોને વતન મોકલવા માટે ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. આ દરમિયાન એક શ્રમિક મહિલાએ રેલવે સ્ટેશન જતી વખતે બસમાં જ બાળકને જન્મ આપ્યો છે.કઠવાડા ખાતે રહેતા શ્રમિકોને છત્તીસગઢ મોકલવામાં આવી રહ્યા છે. આ શ્રમિકોમાં અંજના રાજુ ટંડેલ નામની એક મહિલા પણ શામેલ હતી. અંજનાબેનને ૯મો મહિનો ચાલતો હતો. તે પતિ સાથે કઠવાડા રહેતી હતી. આ દરમિયાન સરકાર દ્વારા છત્તીસગઢના શ્રમિકોને મોકલવા માટેની વ્યવસ્થા થતાં તેણે પણ વતન જવાની ઈચ્છા પ્રગટ કરી હતી. જે અનુસંધાને આજે કઠવાડા ખાતે શેલ્ટર હાઉસ અને અન્ય મજૂરોને રેલવે સ્ટેશન પહોંચાડવા માટે વિશેષ બસ દોડાવવામાં આવી હતી. આ બસ કઠવાડાથી વસ્ત્રાલ મહેસૂલ ભવન પહોંચી હતી.અહીંથી છત્તીસગઢના લોકોને રેલવે સ્ટેશન લઈ જવાના હતા. વસ્ત્રાલ મહેસૂલ ભવનથી બસ ઉપડે તે પહેલા અંજનાને પ્રસવ પીડા ઉપડી હતી. જે બાદમાં તંત્ર દ્વારા ફોન કરીને ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. જોકે, ૧૦૮ એમ્બ્યુલન્સ પહોંચે તે પહેલાં જ અંજનાબેને બસમાં જ બાળકને જન્મ આપી દીધો હતો.

# કોરાના : નેગેટિવ-પોઝિટિવ ઈમ્પેકટ

- ઘણીબધી કંપનીઓએ 'વર્ક ફ્રોમ હોમ'નો નવો કોન્સેપ્ટ સ્વીકારીને આવનારા સમય માટે ખોલી છે કાર્ય કરવાની એક નવી ક્ષિતિજ
- દેશનાં સાહસિક ઉદ્યોગપતિઓ અને કાબેલ એન્જિનિયરોએ પોતાની ઈનોવેટિવ સ્કીલથી મશીનરીમાં આવશ્યક ફેરફારો કરીને પીપીઈ, હેન્ડ ગ્લોઝ અને માસ્કનું મોટાપાયે ચાલું કરી દીધું છે ઉત્પાદન
- ઈતિહાસ સાક્ષી છે કે કાળામાથાનાં માનવીએ દરેકે આફતને પણ અવસર તરીકે સ્વીકારીને હંમેશા સર કરી છે નવી ઊંચાઈઓ

**નૈમિષ ત્રિવેદી**

૨૦૧૯નાં અંત ભાગથી ઉદભવેલ અને ૨૦૨૦ના ઉદય સાથે વિશ્વના મોટાભાગના દેશોને ઝડપથી ખતરનાક ભરડામાં લેનાર કોરાના મહામારીએ સમગ્ર માનવજાતનાં જનજીવનને તહસ-નહસ કરી નાંખ્યું છે. લોકોની રહન-સહનથી લઈને વ્યાપાર, ધંધા-રોજગાર, વ્યવસાયિક, સામાજિક, ધાર્મિક, રાજકીય કે વ્યવસાયિક મેળાવડાનું સમીકરણ ધરમૂળથી બદલી નાંખ્યું છે. 'સમય નથી - સમય નથી'ની રાડો પાડનાર ઉદ્યોગપતિ, વેપારી, સેલ્સ-માર્કેટિંગ એક્ઝિક્યુટિવ હોય કે કન્સ્ટ્રકશન કે રોડ નિર્માણની દસ-બાર કલાકની કાળી મજૂરી કરનાર શ્રમિક હોય આ તમામને ફરજીયાત નવરાં ધૂપ કરીને ઘરોમાં કેદ કરી દીધાં છે.

વિશ્વની બીજા ક્રમાંકની સૌથી વધુ ૧૩૫ કરોડની જનસંખ્યા ધરાવતા વિશાળ દેશનું સતત ધબકતું, દોડતું રહેતું જનજીવન થંભી ગયું છે. ક્યારેય નહિ ઊંઘતું મુંબઈ જેવું મહાનગર ધોળા દિવસે સૂમસામ ભાસી રહ્યું છે. બિલ્ડીંગ કન્સ્ટ્રકશન, રોડ-રસ્તાનાં કામો, મેટ્રો, બુલેટ ટ્રેન અને ગટર-ડ્રેનેજનાં અવિરત ચાલતાં કામો ખોરંભે પડી ગયાં છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૨ માર્ચ રવિવારનાં રાજ 'જનતા કરફ્યુ'નાં કરેલાં આહવાનને અભૂતપૂર્વ સફળતા મળ્યા બાદ, તા. ૨૫મી માર્ચથી સમગ્ર દેશમાં સંપૂર્ણ લોકડાઉન કર્યા બાદ આજે દેશમાં લોકડાઉનનો ચોથો તબક્કો ચાલી રહ્યો છે. કોરોનાનાં રોગનો કોઇ અસરકારક ઈલાજ કે વેક્સિન શોધાઇ ન હોવાથી, તેને અંકુશમાં રાખવા અને પ્રસરતો અટકાવવા માટે લોકડાઉન જ સૌથી સુરક્ષિત અને કારગર ઉપાય છે.

વિશ્વનાં અત્યંત આધુનિક તબીબી સુવિધાઓ ધરાવતાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, રશિયા અને સ્પેન જેવાં સંપન્ન દેશોમાં કોરોનાનાં સંક્રમણે જે કહેર મચાવ્યો છે તે જોતાં ભારત જેવાં વિશાળ, ગીચ વસ્તી અને નબળી આરોગ્ય સુવિધા ધરાવતાં દેશમાં આ રોગનાં પ્રસારને અટકાવવા કેન્દ્ર અને રાજ્ય સરકારે સાથે મળીને ભગીરથ પ્રયાસો હાથ ધર્યાં છે. આ રોગથી બચવા માટેનાં ઉપાયો અંગે લોકોને જાગૃત કરવા માટે સરકારી તંત્ર, પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક માધ્યમો એમ તમામ સ્તરે વ્યાપક ઝૂંબેશ ચલાવાઇ છે.

સમગ્ર વિશ્વનાં અર્થતંત્રને અસ્તવ્યસ્ત અને ચોપટ કરી દેનાર આ મહામારીએ ભારતનાં છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી આર્થિક મંદીને વધુ ગહેરી બનાવી છે. અત્યારે કેન્દ્ર અને રાજ્યોની તમામ સરકારોનું ફોકસ આ સંકટનો સામનો કરવામાં કેન્દ્રીત થયેલ છે. સરકારનાં તમામ સંસાધનો અને ડિપાર્ટમેન્ટ આ રોગને અંકુશમાં રાખવાનાં પ્રયાસોમાં દિન-રાત કાર્યરત છે.

કોરાના મહાસંકટની આ બધી વિપરીત અને નકારાત્મક અસરો સામે કેટલીક આ મહામારીની 'બાય-પ્રોડક્ટ' તરીકે કેટલીક સારી અને હકારાત્મક બાબતો સામે આવી રહી છે.

ખાસ તો આટલી વિશાળ ગીચ વસ્તી વિવિધતા ભરી વસ્તી ધરાવતા દેશમાં જે રીતે શાસન અને પ્રજા એકજૂટ થઇને આ સંકટ સામે ઝઝૂમી રહી છે તેને સમગ્ર વિશ્વ અચંબાથી જોઇ રહ્યું છે. લગભગ ૩૩ કરોડની વસ્તી ધરાવતું અમેરિકા આ રોગને કાબૂમાં લેવા માટે સૌથી વધુ અસરકારક અને જરૂરી એવું લોકડાઉનનો સત્તાવાર નિર્ણય લેવા અંગે અવઢવમાં હોય ત્યારે ભારત જેવાં ૧૩૫ કરોડની વિશાળ વસ્તી ધરાવતાં દેશમાં સતત ૫૫ કરતાં પણ વધારે દિવસનું અસરકારક લોકડાઉનનું અમલીકરણ જોઇને ભારતનાં શાસન અને પ્રજા માટે સમગ્ર વિશ્વ અહોભાવ અનુભવી રહ્યું છે.

કંપનીની ઓફિસમાં ફિઝિકલી જઇને જ કામ થઇ શકે એવી સંકુચિત સોચમાંથી બહાર આવવાનો મોકો આ લોકડાઉને આપ્યો છે. ઈન્ફર્મેશન ટેકનોલોજી, સોફટવેર, કોલ-સેન્ટર, બ્રોકરેજ હાઉસીસ, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે ઘણીબધી કંપનીઓએ 'વર્ક ફ્રોમ હોમ'નો નવો કોન્સેપ્ટ સ્વીકારીને આવનારા સમય માટે કાર્ય કરવાની એક નવી ક્ષિતિજ ખોલી છે. ભવિષ્યમાં આ કોન્સેપ્ટનો વ્યાપક અમલ કરવામાં આવે તો ભારત જેવા ગીચ ટ્રાફિક ધરાવતાં મહાનગરોમાં ટ્રાફિક-જામ, પેટ્રોલ-ડીઝલની બચત, અપ-ડાઉનનાં સમયની બચત તથા કલાકો લાંબા ટ્રાફિક-જામથી ઉદભવતા માનસિક અને શારીરિક તનાવમાંથી મુક્તિ મળી શકે અને આ બચેલાં સમયનો વધુ પ્રોડક્ટિવ ઉપયોગ થઇ શકે. ટ્રાન્સપોર્ટેશન અને ઓફિસ સ્પેસનો ઘણો મોટો ખર્ચ બચી શકે.

મુંબઇ, દિલ્હી, બેંગ્લોર, હૈદરાબાદ જેવા શહેરોમાં જાહેર પરિવહન ઉપરનું ભારણ ઘટી શકે. પેટ્રોલ-ડીઝલના અતિશય વપરાશને કારણે પેદા થતાં નાઇટ્રોજન ડાયોક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડ જેવાં ઝેરી વાયુઓનું પ્રદૂષણ કંઇક અંશે અંકુશમાં આવી શકે.સરકાર આ તબકકે ગ્રીન એનર્જી પર ફોકસ પૂરી ક્ષમતાથી એગ્રેસિવ થઇને સૌર ઉર્જા, જળ ઉર્જા જેવાં માધ્યમોને વ્યાપક બળ આપે તો કાર્બન એમિસનની સમસ્યા પર ઘણી રોક લગાવી શકાય.

કોરાનાનો રોગ નબળી રોગ પ્રતિકાર શક્તિ ધરાવતી વ્યક્તિને જલ્દી લાગુ પડે છે, એવું પૂરવાર થતાં નવરાશનાં આ સમયે ઘણાબધાંએ યોગ, મેડિટેશન, શારીરિક કસરતો અને ઘરમાં જ સુલભ એવા આપણા રસોડાનાં રાજા એવાં આદુ, સૂંઠ, ગંઠોળા, તજ, લવિંગ, મરી, તુલસી, હળદર, લીંબું, મધ જેવા ઘરગથ્થુ ઔષધીઓનાં ઉકાળાથી પોતાની ઈમ્યુનિટી ઈમ્પ્રુવ કરી છે, જે આગામી સમયમાં ફક્ત કોરોના જ નહિ, પરંતુ સંક્રમણના આવા અનેક રોગોથી બચાવતા આરોગ્યને લગતાં ખર્ચમાં ઘણી મોટી બચત થઇ શકે છે.

'શોધ એ જરૂરિયાતની જનેતા છે' એ યુક્તિને સાચી પાડતાં આપણાં દેશમાં માર્ચ માસનાં પ્રારંભ સુધી આરોગ્ય કર્મચારીઓ માટે જરૂરી એકપણ પીપીઈ (પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ) નહોતું બનતું, ત્યાં આજે રોજનાં ૨ લાખ પીપીઈ તૈયાર થઇ રહ્યાં છે. દેશનાં સાહસિક ઉદ્યોગપતિઓ અને કાબેલ એન્જિનિયરોએ પોતાની ઈનોવેટિવ સ્કીલથી મશીનરીમાં આવશ્યક ફેરફારો કરીને પીપીઈ, હેન્ડ ગ્લોઝ અને માસ્કનું મોટાપાયે ઉત્પાદન ચાલું કરી દીધું છે, જે આગામી સમયમાં ભારત માટે નવા બજારની દિશા ખોલશે.

વિશ્વનાં ફાર્મા ઉદ્યોગમાં મોટો હિસ્સો ધરાવતાં ભારતની ફાર્માસ્યુટિકલ કંપનીઓનો વિશ્વમાં ભારે દબદબો છે. તાજેતરનાં કોવિડ-૧૯નાં આ રોગનાં ઉપચારમાં અસરકારક એવી હાઇડ્રોક્સીક્લોરોક્વિન નામની કેપ્સ્યુલનો મોટો જથ્થો ભારતની કંપનીઓએ મોટા પ્રમાણમાં ઉત્પાદન કરીને વિશ્વનાં ઘણાં દેશોને પહોંચાડ્યો છે. કટોકટીનાં આ સમયે ભારતની આ માનવીય અભિગમથી વિશ્વભરનાં દેશોમાં ભારતનાં વસુધૈવ કુટુમ્બકમનાં આદર્શ વિચારને આદરથી જોવાઇ રહ્યો છે. સંકટનાં સમયે મળેલી આ સુવર્ણ તકને ભારત આગામી સમયમાં બહોળા વૈશ્વિક વ્યાપારમાં તબદિલ કરી શકે છે.

વ્યક્તિગત રીતે પણ આ સંકટ ઘણી હકારાત્મક બાબતો લઇને આવ્યું છે. બે છેડાં ભેગાં કરવાની મથામણમાં પડેલો સામાન્ય માનવી હોય કે પછી ધનકુબેરોનાં લિસ્ટમાં ટોચનું સ્થાન મેળવવા સતત ઉજાગરા કરી રહેલા ઉદ્યોગપતિ હોય - સૌને પરાણે ઘરમાં કેદ કરી દેનાર આ આપદાએ દરેકને પોતાનાં ઘર-પરિવાર તથા પોતાની જાત સાથે જીવવાનો અનમોલ અવસર આપ્યો છે. નવરાશનાં આ સમયે ઘણાબધાની અવનવી મૌલિકતા અને સર્જનાત્મકતા બહાર આવી છે. ઘણાબધાએ પોતાનાં વર્તમાન ધંધા-રોજગાર, વ્યવસાય કે જોબની અનિશ્ચિતતા જણાતાં વૈકલ્પિક તકો અંગે પોતાની જાતને સજ્જ કરી છે, જેથી આવનારા સમયમાં આવકની નવી તકો મળી રહે. કેટલાકે કબાટમાં ધૂળખાતાં પડી રહેલ સારાં પુસ્તકો પરની ધૂળ ખંખેરીને વાંચનની ભૂખ સંતોષી નવી તાજગી મેળવી છે, તો કેટલાંકે ઘરકામમાં હાથ અજમાવીને જરૂરી રસોઇ કે નવી વાનગીઓ બનાવી આફતનાં સમયે સ્વાશ્રયી બનવાની તૈયારી કરી લીધી છે.

આમ, દરેક ઘટનાની સારી અને નરસી બે બાજુ હોય છે, કોરાના સંકટની ઘણીબધી કડવી અને કઠોર અસરો વચ્ચે કેટલીક સારી ને અને હકારાત્મક અસરો પણ છે. ઈતિહાસ સાક્ષી છે કે કાળામાથાનાં માનવીએ દરેકે આફતને પણ અવસર તરીકે સ્વીકારીને હંમેશા નવી ઊંચાઈઓ સર કરી છે. આ સંકટ પણ માનવજગત માટે કંઇક નવી દિશા અને નવી તક લઇને આવશે એવી અપેક્ષા અસ્થાને નથી જ. હોપ ફોર બેટર.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001